# એસ્પેન ઈન્ફ્રાસ્ટ્રકચર્સ લિમીટેડ

સર્વે નં ૨૬, ગામ : પીપળીયા, તાલુકો : વાઘોડીયા જિલ્લો : વડોદરા–૩૯૧૭૬૦

## જાહેર નોટીસ

**એસ્પેન ઈન્ફ્રાસ્ટકચર્સ લિમીટેડની ૨૦૧૬–૧૭ના ટ્રુ–અપ ની સંમતિ અને સુધારેલી કુલ આવક જરૂરીયાતની સંમતિ વર્ષ ૨૦૧૮–૧૯ માટે અને વર્ષ ૨૦૧૮–૧૯ ના વર્ષ માટેના દરની સંમતિ તેના વિતરણ કારોબાર (વડોદરા એસઈઝેડ ખાતે) માટેની અરજી પરના વાંધાઓ/સુચનો.**

**(અરજી નં. ૧૭૦૮ / ૨૦૧૮)**

૧. અરજદાર, એસ્પન ઈન્ફ્રાસ્ટ્રકચર્સ લિમીટેડ (એસ્પેન) એન્જિનીયરીંગ પેદાશો અને સંબંધિત સેવાઓ માટે ગામ : અલવા અને પીપળીયા, તાલુકો : વાઘોડીયા, જિલ્લો : વડોદરા, ગુજરાત રાજયમાં એસઈઝેડ કાયદો ૨૦૦૫ની કલમ ૩ હેઠળ (૨૦૦૫ ની ૨૮) ખાતે ક્ષેત્ર આધારિત SEZ(એસઈઝેડ)નું સ્થાપન કરેલ છે.

૨. કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મંત્રાલય અનુસાર (કોમર્સ વિભાગ) ૩ માર્ચ, ૨૦૧૦ ના જાહેરનામા અને વિજળી ધારો ૨૦૦૩ (૨૦૦૩ ઈ.એ)ની જોગવાઈઓ હેઠળ અને માનનીય કમિશનના ૧૬ ડિસેમ્બર, ૨૦૦૯ ના આદેશ કે જે વિતરણ પરવાનાની મંજૂરી બાબતે હતો. એસ્પેન વડોદરા ખાતે તેના સેઝ વિસ્તારમાં વિતરણ પરવાનેદાર માનવામાં આવે છે.

૩ જીઈઆરસી (મલ્ટી ચર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ના ૧૬.૨માં નિયત જોગવાઈ હેઠળ એસ્પેને તેના વિતરણ કારોબાર (વડોદરા એસઈઝેડ ખાતે) માટે વર્ષ ૨૦૧૬–૧૭ ના ટ્રુ–અપ, કુલ આવક જરૂરિયાતની સંમતિ વર્ષ ૨૦૧૮ – ૧૯ અને વર્ષ ૨૦૧૮–૧૯ના વર્ષ માટે દરોની સંમતિ માટે અરજી દાખલ કરી છે. પંચે તેના ૮ માર્ચ ૨૦૧૮ના પત્ર મારફતે અરજીની નોંધણી કરી છે એસ્પેનને સહભાગીઓની ટીપ્પણી આમંત્રીત કરતી જાહેર નોટીસ પ્રકાશિત કરવાનો આદેશ આપ્યો છે.

૪ નીચે જણાવેલા દસ્તાવેજોની નકલ એસ્પેન ઈન્ફ્રાસ્ટકચર્સ લિમીટેડ, સર્વે નં. ૨૬, ગામ પીપળીયા, તાલુકો વાઘોડીયા, જિલ્લો : વડોદરા–૩૯૧૭૬૦ ખાતેથી લેખિત વિનંતી આપવાથી મેળવી શકાશે.

   a. અરજીનો વહીવટીય સારાંશ (Executive Summary) (વિના મુલ્યે, ગુજરાતીમાં અથવા ઈંગ્લીશમાં)

   b. વિગતવાર અરજી દસ્તાવેજ (ઈંગ્લીશ માં)(રૂ. ૯૦ ની ચૂકવણી કરતા).

૫. પંચે એસ્પેનને આ નોટીસ મારફતે ઉપરોકત અરજી પર જાહેર જનતા પાસેથી વાંધાઓ અને ટિપ્પણીઓ/સુચનો મંગાવવા માટે આદેશ આપ્યો છે. સુચનો અથવા ટિપ્પણીઓ સચિવ, ગુજરાત વીજ નિયમન પંચ, ૬ ઠ્ઠો માળ,ગીફટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફટ સીટી, ગાંધીનગર–૩૮૨૩૫૫, ગુજરાત (Fax : +91-79-2360 2054/55, Email : gerc@gercin.org) ને **મંગળવાર, ૧૭ એપ્રીલ, ૨૦૧૮** સુધીમાં સિનિયર જનરલ મેનેજર, એસ્પેન ઈન્ફ્રાસ્ટ્રકચર્સ લિમીટેડ પર પ્રૂફ ઓફ સર્વિસ સાથે મોકલી શકાશે.

૬. પ્રત્યેક વ્યકિત કે જે વાંધાઓ અને ટિપ્પણીઓ સુપરત કરવાનો ઈરાદો ધરાવતા હોય તેઓ સમાન બાબત ઈંગ્લીશમાં અથવા ગુજરાતીમાં છ નકલોમાં સુપરત કરી શકે છે અને તેમાં મોકલનારનું પુરું નામ, પોસ્ટલ સરનામુ અને ઈ–મેઈલ એડ્રેસ, જો હોય તો, હોવા જોઈએ.

૭. વિગતવાર અરજી દસ્તાવેજ અને વહીવટીય સારાંશ એસ્પેનની વેબસાઈટ www.aspensez.com પર પણ ઉપલબ્ધ છે.

**સહી**

**સિનિયર જનરલ મેનેજર**

**એસ્પેન ઈન્ફ્રાસ્ટ્રકચર્સ લિમીટેડ**